**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૩/૦૨/૨૦૧૬ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી ૧૭૬ લીટર દેશી દારૂ, ૧૦ ઈંગ્લીશ દારૂ, ૦૫ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૩૪ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૦૧/૧૬**

**મહિલા પોલીસ સ્ટેશનઃ** અસારવા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીએ તા.૧૨/૨/૧૬ નારોજ મહીલા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી સાતેક મહિના અગાઉથી તા.૧૩/૧૨/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન ઘર નજીક રહેતા આરોપી જીગ્નેશ ઉર્ફે બંટી દિનેશભાઇ મારવાડીએ તરૂણીના ઘરના સભ્યોને મારી નાખવાની ધમકી આપી, તરૂણીને રહેણાંકના ધાબા ઉપર તેમજ ખુલ્લા ખેતરમાં લઈ લઈ, તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો તેમજ તા.૧૩/૧૨/૧૫ નારોજ પારસનગર ખાતે તરૂણીને કહેલ કે ચાલ મારી સાથે નહી તો બદનામ કરી દઇશ” તેવી ધમકી આપી તરૂણી સાથે ઝગડો કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.જે.જોષી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૦૨/૧૬**

**ચાંદખેડાઃ** રિકેશકુમાર મોતીલાલ શાહ (રહે.કલા સ્ક્વેર ફ્લેટ સુવિધા શોપીંગ સેન્ટરની બાજુમાં પાલડી) એ તા.૫/૨/૧૬ બપોરના ૩/૩૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા આદિત્ય અંતરીક્ષ નામની સાઈટ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૧,૧૫,૦૦૦/- અને જરૂરી કાગળોની ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ રિકેશકુમાર શાહે તા.૧૨/૨/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઇ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>વાહન ચોરીઃ-</u> <u>**સમાચાર યાદી નં.૩૦૩/૧૬**</u>

**આનંદનગરઃ** રાહુલભાઈ કીરીટભાઈ શાહ (રહે.સેક્ટર-૧ બી ગાંધીનગર) એ તા.૧૧/૨/૧૬ સાંજના ૬/૦૦ વાગે આનંદનગર કોર્પોરેટ રોડ, પિનાકલ બિઝનેસ પાર્ક નજીક પોતાની બોલેરો કાર નંબર જીજે ૧૮ બીબી ૩૨૨૫ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૨/૨/૧૬ કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રાહુલભાઈ શાહે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી પી બી રાણા ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>**સમાચાર યાદી નં.૩૦૪/૧૬**</u>

**બાપુનગરઃ** રાજેશભાઇ જગદીશભાઇ ગુપ્તા (રહે. કલ્યાણ કેન્દ્રની પાછળ બાપુનગર) એ તા.૧૨/૨/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે કોઇ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી હસમુખસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)